# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૬/ક્વા-૧/૨૧-૨૨/૪૪૨૦-૧ તા.૨૭-૦૭-૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG- ૧૬/ક્વા-૧/૨૧-૨૨**

અરજદાર : ડાયાભાઇ વી.પટેલ ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : લક્ષ્મીનગર
રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ શ્રી મિતેષ રમણીકભાઈ પટેલ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.રૂઘાણી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી-રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૦-૦૭-૨૦૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં.૮૭૬૦૪/૦૩૧૯૫/૧ થી લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી હેઠળ રહેણાંક વીજજોડાણ ધરાવે છે. સદર મકાન અરજદાર દ્વારા વર્ષ-૨૦૦૬ માં ખરીદ કરવામાં આવેલ હતું. આ મકાન ઘણા વર્ષો જુનું હોય અને હાલ જર્જરીત હાલતમાં હોય માહે એપ્રિલ-૨૦૨૧ માં આવેલ “તોક્તે” વાવાઝોડા દરમ્યાન ૧૨૦ કિમી/કલાકની ઝડપે ફૂંકાયેલ પવનના લીધે સદર મકાનનો સ્લેબ ધડાકાભેર પડી જતા વીજમીટરને નુકસાન થયેલ અને મીટરની ડિસ્ક વળી ગયેલ હોય ડિસપ્લેમાં મીકેનીકલ

ખામી સર્જાતા દસહજારના ડીઝીટનો આંક ‘0’ થી ‘૧’ સ્લીપ થયેલ છે. જેના કારણે પુરવણીબીલ રૂ.૭૯,૩૨૭ તા.૦૯-૦૬-૨૧ થી અરજદારને મળેલ છે.

૨.૧ સદર મકાન ૨૦ વર્ષથી જુનું છે તેમજ સદર વીજજોડાણ કાયમી રદ કરવા જરૂરી ફી સાથે તા.૧૨-૦૫-૨૧ ના રોજ અરજી કરેલ પરંતુ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સદર તકરાર ઉભી થયેલ છે.

૨.૨ સદર મકાન વર્ષ-૨૦૦૬માં ખરીદયા બાદ અરજદાર દ્વારા તેનો ઉપયોગ કરેલ નથી. જેતે સમયે મીટરમાં માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૦ના વીજબીલમાં ૨૪૨૦ યુનિટને બદલે ૨૪૭૦ લખાયેલ જે ભૂલ કરેલ છે. ત્યારબાદ સદર મકાનનો સ્લેબ તથા કાટમાળ તૂટી પડવાને કારણે વીજમીટર ડેમેજ થતા તા.૧૫-૦૫-૨૧ ના રોજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સદર મીટર ડીશકનેક્ટ કરીને લેબોરેટરીમાં મોકલાવેલ તે સમયે દસહજારનો આંક ‘0’ થી ‘૧’ પર ખસી જતા રીડીંગ ૧૦૪૨૦ નોંધાયેલ એટલેકે ૨૪૨૦ રીડીંગ ને બદલે ૧૨૪૨૦ રીડીંગ થવા પામેલ છે.

૨.૩ માહે માર્ચ-એપ્રિલ ૨૦૨૧ના વીજબીલ તા.૦૧-૦૫-૨૦૨૧ ના બીલમાં પણ ૨૪૭૦ હાલનું રીડીંગ અને વપરાશ ‘0’ યુનિટ નોંધાયેલ છે ત્યારબાદ તા.૧૫-૦૫-૨૧ ના રોજ વીજજોડાણ રદ કરાવતા મીટર ઉતારેલ ત્યારે હાલનુ રીડીંગ ૧૨૪૨૦ થયેલ છે જે ૧૫ દિવસના ગાળામાં ૯૯૫૦ યુનિટનો વીજવપરાશ ૦૧ કીવો વીજભારના વીજજોડાણમાં અશક્ય છે. તેમછતાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૩૧-૦૫-૨૧ મુજબ પુરવણીબીલ ૯૯૫૦ યુનિટનું રૂ.૭૯,૩૨૭/- નું આપેલ છે જે અશક્ય હોય રદ થવાને પાત્ર છે.

૨.૪ અરજદાર વધુમાં જણાવે છે કે **GERC** ના નિયમ અનુસાર જુના મીટરને ૦૫ કે ૧૦ વર્ષના નિયત સમયમાં બદલી કરવા જોઈએ. પરંતુ સદર કેસમાં આશરે ૨૦ વર્ષના સમયગાળા દરમિયાન ક્યારેય પણ વીજ મીટર બદલાયેલ નથી તેમજ પીજીવીસીએલના અધિકારીઓ દ્વરા ચેક પણ કરવામાં આવેલ નથી. લેબરીપોર્ટમાં પણ સ્પષ્ટ દર્શાવેલ છે કે મીટરના સીલ બરાબર છે મીટર ખોલી તપાસતા ડિસ્ક વળી ગયેલ છે. આમ ટેકનીકલ રીતે જોવા જઈએતો ધડાકા ભેર સ્લેબ પડવાના કારણે મીટરમાં થડકારો લાગવાના લીધે ડાયલના દસ હજારના સ્થાનાંક નો આંક ‘0’ થી ‘૧’ થઈ જાય તે સ્વીકાર્ય છે.

૨.૫ આમ યુનિટ ૨૪૭૦ થી ૧૨૪૨૦ એટલે કે (૧૨૪૨૦-૨૪૭૦ = ૯૯૫૦) યુનિટ નું રૂ.૭૯૩૨૭/- નું બીલ તદન અન્યાયી રીતે આપવામાં આવેલ હોય ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર સદર પુરવણી બીલ રદ કરવા માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે ગ્રાહકશ્રી ડાયાભાઇ વિ. પટેલ ગ્રાહક નંબર ૮૭૬૦૪/૦૩૧૯૫/૧ થી રહેણાંક વીજજોડાણ ધરાવે છે.

૩.૧ અરજદારની તા.૧૨/૦૫/૨૦૨૧ ના રોજ મીટર રદ કરવાની અરજીના આધારે તા.૧૫/૦૫/૨૦૨૧ ના રોજ દ્વારા મીટર ઉતારેલ જેના ચેકિંગ સીટ નંબર - ૬૫૮૯૦૧ માં મીટર નંબર - ૧૧૪૩૧૪૫૦ ના રીડીંગ ૧૨૪૨૦ નોંધાયેલ છે તેમજ મીટર સર્વિસ ગેટપાસ નંબર-૪૦૨૩ માં પણ મીટર નંબર- ૧૧૪૩૧૪૫૦ ના રીડીંગ ૧૨૪૨૦ દર્શાવે છે. સદર મીટરનું લેબ પરીક્ષણ તા.૨૮/૦૫/૨૦૨૧ ના રોજ થયેલ છે અને લેબરીપોર્ટ મુજબ ૧૨૪૨૦ રીડીંગ આવેલ છે અને મીટર ટેસ્ટ કરતા સીલ નથી, બોડી સીલ કેપ તૂટી ગયેલ છે, સ્થળ પર

મકાન પાડવાનું કામ ચાલુ હોઈ મીટર ડેમેજ છે, મીટરના ટોપ કવરનો કાચ સંપૂર્ણ તૂટી ગયેલ છે, મીટરની ડિસ્ક વળી ગયેલ છે, કાઉન્ટરના બધા ડીઝીટો ચેક કરતા બધા ડીઝીટોનું એન્ગેજમેન્ટ બરાબર માલુમ પડેલ એકેય ડીઝીટ ફ્રી થયેલ માલુમ પડેલ ન હતા વગેરે જેવી વિશેષ નોંધ લેબરીપોર્ટમાં આપેલ છે.

૩.૨ લક્ષ્મીનગર પેટા-વિભાગીય કચેરી દ્વારા માહે માર્ચ-એપ્રિલ-૨૦૨૧નું વીજબીલ તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ બનાવેલ જેમાં હાલના રીડીંગ ૨૪૭૦ અને પાછલા રીડીંગ ૨૪૭૦ એમ "0" વપરાશનું બીલ આપેલ છે. ગ્રાહકના વર્ષ-૨૦૧૦ થી મીટર ઉતારેલ તે તારીખ સુધીના મીટરરીડીંગની માહિતી નીચે મુજબ છે.

| વીજબીલનો મહિનો | હાલના રીડીંગ | પાછલા રીડીંગ | મીટર સ્ટેટસ |
|---|---|---|---|
| માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૦ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૦ થી માહે મે-જુન-૨૦૧૬ સુધી | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |
| માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૬ થી માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૬ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૬ થી માહે માર્ચ-એપ્રિલ ૨૦૧૮ સુધી | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |
| માહે મે-જુન-૨૦૧૮ સુધી જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૮ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૮ | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |
| માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૮ થી માહે એપ્રિલ-મે-૨૦૨૦ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે મે-જુન-૨૦૨૦ થી મીટર ઉતર્યા સુધી | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |

૩.૩ અરજદારની રજુઆત છે કે મકાન પાડવાની કામગીરી દરમ્યાન તાઉટે વાવાઝોડા દરમ્યાન જોરદાર પવનના કારણે સ્લેબ સાથેનો કાટમાળ મીટર ઉપર પડતા મીટર ડેમેજ થયેલ છે અને આકસ્મિક ઘટનાથી મીટરનો દશહજારનો ડીજીટ '0' થી '૧' થઈ ગયેલ છે. લક્ષ્મીનગર પેટા-વિભાગીય કચેરી દ્વારા લેબરીપોર્ટના આધારે રીડીંગ ૧૨૪૨૦ તેમજ પાછલા રીડીંગ ૨૪૭૦ ના તફાવત ૯૯૫૦ યુનિટનું પુરવણી વીજબીલ અરજદારને તા.૩૧/૦૫/૨૦૨૧ રોજ રૂ.૭૯,૩૨૭/- આપેલ છે જે કંપનીના નિયમ મુજબ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ગ્રાહકશ્રી ડાયાભાઇ વિ. પટેલ ગ્રાહક નંબર ૮૭૬૦૪/૦૩૧૯૫/૧ થી લક્ષ્મીનગર પેટાવિભાગીય હેઠળ – **RGPU** કેટેગરી હેઠળ ૦૧ કીવોનું વીજજોડાણ ધરાવે છે. અરજદારના પ્રતિનિધિની રજૂઆત મુજબ સદર મકાન તેઓએ વર્ષ-૨૦૦૬ માં ખરીદેલ છે ત્યારબાદ સદર વીજજોડાણમાં નામ બદલી કરાવેલ નથી.

૪.૨ અરજદારને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૩૧-૦૫-૨૧ ના રોજ લેબોરેટરી રીપોર્ટ તા.૨૮-૦૫-૨૧ ના અનુસંધાને હાલના રીડીંગ ૧૨૪૨૦ અને પાછલા રીડીંગ ૨૪૭૦ મુજબ તફાવતના ૯૯૫૦ નું સપ્લીમેન્ટરી બીલ રૂ.૭૯૩૨૭/- અપાયેલ છે. જે મીટરમાં મકાનનો સ્લેબ પડવાથી મીટરની ડિસ્ક વળી ગયેલ હોય જેના કારણે મીટરમાં ડાયલના દસહજારના સ્થાનાંક નો આંક '0' થી '૧' થઈ ગયેલ છે જેથી સદર પુરવણી બીલ રદ કરવા પાત્ર હોવાની અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરેલ રજૂઆત મુજબ અરજદાર દ્વારા તા.૧૨-૦૫-૨૧ ના રોજ મીટર રદ કરવાની અરજી કરેલ હતી. જે અન્વયે તા.૧૫-૦૫-૨૧ ના રોજ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં ચેકિંગ શીટ નં.૬૫૮૯૦૧ થી વીજમીટર ઉતારેલ છે. સદર ચેકિંગ શીટમાં નીચે મુજબની નોંધ કરાયેલ છે.

- મકાન પડવાનું કામ ચાલુ છે.
- મીટર સીરીયલ નં – ૧૧૪૩૧૪૫૦ મેઇક- **L & G**
- મીટરનું વાંચન હાલનું – ૧૨૪૨૦.૩
- કાચની સ્થિતિ તૂટેલ છે.
- બોક્સ પરના સીલની વિગત – નથી.
- ટર્મિનલ કવર છે કે નહી – ના
- મીટર ડેમેજ થયેલ હોવાથી પી.જી.વી.સી.એલ. કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવી.

૪.૪ ઉપરોક્ત મીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં તા.૨૮-૦૫-૨૧ ના રોજ તપાસણી કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ મીટરના રીડીંગ ૧૨૪૨૦.૩ નોંધાયેલ છે તેમજ કાઉન્ટરના ડીઝીટો ચેક કરતા બધા ડીઝીટનું એન્ગેજમેન્ટ બરાબર છે એક પણ ડીઝીટ ફ્રી થઇ ગયેલ નથી મીટરની આંતરિક રચના તપાસતા મીટરની ડિસ્ક વળી ગયેલ છે અન્ય રચના બરાબર છે.

૪.૫ અરજદારની રજૂઆત મુજબ મકાન જર્જરિત મકાનનો કાટમાળ આકસ્મિક રીતે મીટર પર પડેલ હોય મીટર ડેમેજ થયેલ છે તેમજ જે તે વખતે તાઉતે વાવાઝોડાનો ૧૨૦ કી.મી. થી વધુ પવન ચાલુ હતો. જેના કારણે મીટરમાં દસ હજારના સ્થાનાંકનો આંક '0' થી '૧' થઈ ગયેલ અથવા સદર બાબત મીટરની ઓફીસ-લેબોરેટરી વગેરેમાં થયેલ મુવમેન્ટના કારણે આંક ફરી જવાની પ્રક્રિયામાં ભાગ ભજવેલ જણાય છે.

૪.૬ પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુજબ સદર અરજદારના વીજ વપરાશની સ્થિતિ નીચે મુજબ છે.

| વીજબીલનો મહિનો | હાલના રીડીંગ | પાછલા રીડીંગ | મીટર સ્ટેટસ |
|---|---|---|---|
| માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૦ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૦ થી માહે મે-જુન-૨૦૧૬ સુધી | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |
| માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૬ થી માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૬ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૬ થી માહે માર્ચ-એપ્રિલ ૨૦૧૮ સુધી | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |
| માહે મે-જુન-૨૦૧૮ સુધી જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૮ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૮ | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |
| માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૮ થી માહે એપ્રિલ-મે-૨૦૨૦ | ૨૪૭૦ | ૨૪૭૦ | લોક |
| માહે મે-જુન-૨૦૨૦ થી મીટર ઉતર્યા સુધી | ૨૪૭૦ | ૨૪૭૦ | "0" (ઝીરો વપરાશનું બીલ) |

અરજદારને વીજ બીલ માર્ચ-એપ્રિલ ૨૦૨૧ તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ મીટર રીડર દ્વારા હાલનું રીડીંગ ૨૪૭૦ અને પાછલું રીડીંગ ૨૪૭૦ ગણીને "0" યુનિટનો વીજવપરાશ ગણી આપવામાં આવેલ છે.

૪.૭ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખતા સ્પષ્ટ થાય છે કે અરજદારનું છેલ્લું વીજ બીલ તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ અપાયેલ છે. ત્યારે મીટરમાં હાલના રીડીંગ ૨૪૭૦ નોંધાયેલ છે. ત્યારબાદ અરજદારની મીટર પીડીસીની અરજી તા.૧૨/૦૫/૨૦૨૧ ના આધારે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૫/૦૫/૨૦૨૧ ના રોજ મીટર ઉતારેલ તેના ચેકિંગ શીટ અને ગેટપાસના રીપોર્ટ મુજબ સવાલવાળા મીટરમાં રીડીંગ ૧૨૪૨૦.૩ નોંધાયેલ છે. એટલે કે તા.૦૧/૦૫/૨૦૨૧ થી તા.૧૫/૦૫/૨૦૨૧ સુધીમાં ૨૪૭૦ થી ૧૨૪૨૦ રીડીંગ થવા પામેલ છે તે મુજબ કુલ વીજ વપરાશ ૯૯૫૦ વીજ યુનિટ થાય છે એટલેકે પ્રતિદિન ૬૬૩ યુનિટનો વીજવપરાશ થયેલ છે જે અરજદારના કરારિત વીજભાર ૧ KW મુજબ ટેકનીકલ રીતે શક્ય નથી તેમજ અરજદારની રજૂઆત ધ્યાને લેતા સદર મકાન ખરીદેલ ત્યારથી છેલ્લે સુધી મકાનનો ઉપયોગ કરેલ નથી તેમજ મકાન જર્જરિત થયેલ હોય મકાન પાડવાની કામગીરી દરમિયાન મીટર ઉપર કાટમાળ પડવાને કારણે મીટર ડેમેજ થયેલ હોય જે આકસ્મિક કારણોસર મીટરના ડીજીટ બદલી થવા પામેલ હોય તેમ ફોરમ દ્વારા નિષ્કર્ષ કરાયેલ છે. જેથી અરજદારને પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૩૧-૦૫-૨૧ ના રોજ રૂ.૭૯,૩૨૭/- નું અપાયેલ સપ્લીમેન્ટરી બીલ રદ કરવું. જેની જાણ અરજદાર અને અત્રેના ફોરમને દિવસ-૧૦ માં કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૯ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯